Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net

Volume-11, Issue-2(September, 2017)

**IMPACT FACTOR:3.021**

**PP:142to149**

# અહિંસાકેન્દ્રી ગુજરાતી ટૂંકીવાર્તાઓ

**પ્રા.ડૉ. સતીષ એસ.પટેલ**

**અધ્યાપક સહાયક,ગુજરાતી વિભાગ,**

**શ્રીમતી એમ.સી.દેસાઇ આટ્સ એંડ કોમર્સ કોલેજ ,પ્રાંતિજ, જિલ્લો. સાબરકાંઠા-૩૮૩૨૦૫**

**ઇમેલ ;patelsatish198@gmail.com,patelsatish25@yahoo.in**

**મો.નં.૯૪૨૮૬૪૨૪૬૭**

અહિંસાકેન્દ્રી ટૂંકીવાર્તાઓમાં મોહનલાલ મહેતા 'સોપાન'ની, 'અહિંસાનું રહસ્ય', ગુલાબદાસ બ્રોકરની 'આગલી રાત્રે', અશોક હર્ષની 'સરમુખત્યાર', ઝવેરચંદ મેઘાણીની 'ફાંસી', ગુણવંતરાય આચાર્યની 'અભરામ પંડ્યો' અને 'ગોરીંભો મકરાણી', ઈશ્વર પેટલીકરની 'ગળે ફાંસો' અને 'ધાડ આવે છે !', નવલભાઈ શાહની 'પ્રલયબૉમ્બ' અને 'પાથેય', ચુનીલાલ મડિયાની 'આરસની ભીતર' એમ કુલ 11 વાર્તાઓ અહિંસાકેન્દ્રી ટૂંકીવાર્તાઓ પ્રાપ્ત થાય છે. જેનું વિશ્લેષણાત્મક અધ્યયન નીચે મુજબ છે.

'અહિંસાનું રહસ્ય' વાર્તા મોહનલાલ મહેતાની છે. આ વાર્તા જોસેફને કેન્દ્રમાં રાખી લખાયેલી છે. જોસેફ એ પરદેશી હોવા છતાં પણ ભારતદેશની સ્વતંત્રતા માટે એ સત્યાગ્રહી બન્યો છે. જોસેફને અહીં લાવનાર તત્ત્વ કયું છે એ જોઈએ. "આ લડતમાં મને ખેંચી આણનારું કયું તત્વ ત્યારે મને જવાબ મળે છે કે અહિંસા. જો એ તત્ત્વ આ લડતમાં ન હોત, તો હું અહીં ન હોત."

જોસેફ ખ્રિસ્તી હોવા છતાં પણ ગાંધીજીથી એટલો પ્રભાવિત થાય છે કે એ પોતાનો ધર્મ છોડીને ગાંધીજીના ધર્મને અપનાવવા તૈયાર થાય છે. જેમ કે, "હું ઈસુ ખ્રિસ્તનો અનુયાયી છું. ઘણું જાણ્યા પછી પણ એ ધર્મ છોડવાની મને જરૂર નથી જણાઈ.

ગાંધીજીના વિચાર અને જીવનમાંથી અહિંસાનું રહસ્ય હું પામ્યો છું, છતાં ઈસુ પ્રત્યેની ભક્તિ કમી નથી થઈ, પણ વધી જ છે.''

જોસેફ મૂળ આર્યલેન્ડનો વતની હતો. જોસેફના દાદા ભારત આવીને વસેલા જોસેફના પિતા દારૂના શોખીન હતા એટલે એ પણ પિતો. જોસેફ ચામડાનાં કામમાં ખૂબ જ કુશળ માણસ હતો. જોસેફ કાનપુર નોકરી કરતો ત્યારે તેને શિકારનો ખૂબ જ શોખ હતો. તેને અનેક નિર્દોશ પંખીઓ અને પ્રાણીઓનો શિકાર કર્યો હતો. જોસેફને મહાયુદ્ધ દરમિયાન લડાઈમાં જવા માટે ઓર્ડર આપવામાં આવે છે. જો એ ના જાય તો પણ તેને બેરજબરી જવું જ પડે તેવી સ્થિતિ તેની હતી. જોસેફને મશીનગન ચલાવવાની તાલીમ મળી હતી. જોસેફને ડૉક્ટરો તપાસે છે અને કહે છે કે ''હું ચિત્તભ્રમ થઈ ગયો છું એવું નિદાન ઉપર મને છોડી મૂકવામાં આવ્યો.''

જોસેફના છૂટ્યા પછી આનંદનો કોઈ પાર જ નહોતો. તેના ઘરના બધાં જ ખુશ થઈ જાય છે. જોસેફને શિકારનાં સકંજામાંથી એક બ્રાહ્મણ છોડાવે છે અને તેના વિશે વિચારતા એ દુઃખી થાય છે. કારણ કે, ''શિકારનાં મહાપાપમાંથી છોડાવવા બદલ મારે એક બ્રાહ્મણનો આભાર માનવો જોઈએ. દુઃખની વાત એક જ છે. મને શિકાર છોડાવનાર એ બ્રાહ્મણ આજે સરકારી સિપાહી બન્યો છે, મને એમ થાય છે, કે મને ઉપદેશ આપવાની પાછળ એના દિલમાં જાગ્રત અહિંસાની વૃત્તિ નહિ હોય, પણ અહિંસાના રૂઢ સંસ્કારો જ હશે, નહિ તો એ સિપાહી કેમ થઈ શકે ?''

જોસેફને દારૂ, માંસાહાર છોડાવનાર આ બ્રાહ્મણ એના જ કારખાનામાં નોકરી કરતો હોય છે. જોસેફ ત્રેવીસ વર્ષનો થયો ત્યારે તેના લગ્ન એક કન્યા સાથે થવાના હોય છે પણ એ કન્યાના લગ્ન બીજી જગ્યાએ થતાં જોસેફને બહુ જ આઘાત લાગે છે. આ બનાવ પછી જોસેફમાં પરિવર્તન આવ્યું જેમ કે, ''આ પ્રસંગ વીત્યા પછી મારામાં ગાંભીર્ય વધ્યું હતું. અને એ ગાંભીર્યે મને જીવન વિશે ઊંડો વિચાર કરતો કરી મૂક્યો હતો.''

જોસેફ ધીમે ધીમે આ બનાવોના લીધે ગાંધીવિચાર તરફ વરે છે. આના લીધે તેના પિતા સાથે અણબનાવ બને છે. તેઓ કહે છે કે, ''તું અને હું જુદા જ બંધારણના છીએ, આપણે સાથે નહિ રહી શકીએ. તારે હવે આ ઘરમાંથી જવું જ જોઈએ.'' જોસેફના

પિતા તેને ઘરમાંથી કાઢી મૂકે છે. તે એક ડોસા સાથે રહેવા જતો રહે છે. ડોસાના મૃત્યુ પછી એ કાનપુર છોડી એના નાનાભાઈ સાથે અમદાવાદ આવી જાય છે. અમદાવાદ આવ્યા પછી ભારે ગડમથલ ચાલે છે. ઉદા. તરીકે, "હું એ (બાઈબલ) વાંચતો અને માનતો કે તારા પાસે બે પહેરણ હોય, તો જેની પાસે ન હોય તેને એક આપી દે. તારા જમણા ગાલ ઉપર કોઈ તમાચો મારે, તો તું ડાબો ગાલ ધર...... બીજી બાજુ એ ચમારોમાં અને બીજા લોકોમાં મેં ગરીબાઈનાં દર્શન કરવાં માંડ્યાં જેમ-જેમ એ ગરીબાઈ વધારે જોતો ગયો તેમ-તેમ મારો આરામ પૈસો ને કારખાનું ખૂંચવા લાગ્યાં, 'તારી પાસે બે પહેરણ હોય, અને હતાં જ, મારે શું કરવું ? મારા મનમાં મંથન જાગ્યું."

જોસેફના મનમાં ગાંધીજી વિશે જુદી જ છાપ હતી. એના વિશે ગાંધીજીની આ પ્રકારની છાપ હતી. "મારી આજુબાજુના બધા એમ માનતા હતા અને કહેતા હતા, કે ગાંધીને સરકાર પકડીને ફાંસીએ ચડાવી દે તો સારું મારા મન ઉપર તો તે દિવસે એવી જ છાપ હતી, કે ગાંધી આ રાજ સામેનો કોઈ બંડખોર આગેવાન છે. વાત તો એ સાચી હતી, પરંતુ એ બંડ આવું હશે, એવી મને કલ્પના પણ નહોતી."

જોસેફ ગરીબોની સેવામાં પોતાનું બધું જ વેડફી નાખે છે. પોતાનો ભાઈ ઘરે જવાનું કહે છે. નાનો ભાઈ જતો રહે છે અને ધંધાનો ભાર બધો જોસેફ ઉપર આવે છે. જોસેફને '30ની લડાઈમાં જવાની બહુ જ ઈચ્છા થાય છે. તે છાવણીઓમાં ગયો અને પછી તે ત્રણેક મહિના પછી સાબરમતી જેલમાં પૂરાયો. જોસેફ રેંટીયા વિશે માનતો કે, "રેંટિયો અહિંસક યુદ્ધનું અમોઘ શસ્ત્ર અને નવીન સમાજરચનાનું પ્રતીક છે."

આમ, આ વાર્તામાં જોસેફ પરદેશી હોવા છતાં ગાંધીજીના માર્ગે ચાલી ભારત દેશને મદદરૂપ થાય છે.

'આગલી રાત્રે' ગુલાબદાસ બ્રોકરની ટૂંકીવાર્તા છે. ઉપેનના જીવનની છેલ્લી રાત્રિ એ જીવી રહ્યો હોય છે. વાર્તાની શરૂઆત લેખક આ પ્રસંગથી કરે છે. ઉપેન બંગાળનો એક ક્રાંતિકારી યુવક છે. બંગાળના IGPનું ખૂન કરી એ પકડાય છે. આ ગુના બદલ તેને ફાંસીની સજા આપવામાં આવે છે. પ્રતિભા નામની છોકરી સાથે એ પ્રેમસંબંધથી જોડાયેલો હોય છે. આ વાર્તામાં ગાંધીજીના અહિંસા સામે ઉપેન બળવો કરતો જોવા મળે છે. ગાંધીજીના આ અહિંસાથી આઝાદી મેળવવાના વિચારોને હીન તરીકે આ વાર્તામાં

મૂક્યા છે. ઉદા. તરીકે, ‘‘ગાંધીની અહિંસાની અને ધર્મની હૃદયપલટાની અને મૂંગે મોંઢે માર ખાઈ લેવાની વાતોમાં તેનો કશો અર્થ નહોતો દેખાતો...... ગાંધીની એ અહિંસાની વાતો યાદ આવતાં તેના ચહેરા પર તિરસ્કારભર્યું એક આછું સ્મિત પથરાયું. અને ગાંધી સામે રોષનાં તેને બીજાં કારણો પણ હતાં...... ખૂનનો બદલો ખૂનથી વાળતાં હતાં, તેમની ગાંધી હંમેશા ટીકા કરતાં તેમને માર્ગ ભૂલેલા કહેતા, તેમને વિશે સમભાવનો એક શબ્દ પણ નહોતા ઉચ્ચારતા.

‘એ ડોસાને એ માનસ ક્યાંથી સમજાય ?’’

આમ, ઉપરની વાર્તામાં ગાંધીજીના અહિંસાના વિચારો સામે રોષ પેદા કરતો નાયક જોવા મળે છે. પણ હકીકત એ છે કે ગાંધી વિચારને વળગીને એ આઝાદીની લડતમાં જોડાયો હોત તો તેને ફાંસી કદાચ ન પણ થઈ હોત.

‘સરમુખત્યાર’ વાર્તા અશોક હર્ષની છે. આ વાર્તામાં માનવસંહાર યુદ્ધને લીધે તેમજ સત્તા લાલસા માટે કેવી રીતે થાય છે એનો ચિતાર લેખકે આપ્યો છે. વાર્તામાં કોઈ નાયક-નાયિકા નથી. સમગ્ર સમાજ આ જે બધું થઈ રહ્યું છે એનું દર્શન કરી રહ્યું છે. અને આ હિંસાથી ખુદ ભગવાન પણ પ્રસ્તાવો કરે છે એવું વર્ણન લેખકે આ વાર્તાની અંદર કર્યું છે. વાર્તાનો પ્રવાહ ખૂબ જ ઝડપથી ચાલે છે. ગાંધીજી કેમ સરમુખત્યારના વિરોધી હતા એ આ વાર્તાથી સમજવા મળે છે.

‘જીવદયા’ વાર્તાના લેખક ચુનીલાલ મડિયાએ વાર્તામાં અહિંસાનો સૂર રજૂ કર્યો છે. વાર્તામાં શ્રાવકો ગામમાં સંદેશો આપે છે કે જીવ સંહાર કરવો એ મોટામાં મોટું પાપ છે. ઉદાહરણ તરીકે વાર્તામાં અહિંસાની વાત આ રીતે જોવા મળે છે. ‘‘કોઈપણ જીવની હિંસા કરવી એ પાપ છે અને એને મૃત્યુમાંથી ઉગારવો એ પુણ્ય છે.....’’ શ્રાવકો ગામના ‘બાપુ’ને શિકાર કરતાં રોકે છે. અને એમને પણ હિંસા કરવા દેતા નથી.

‘ફાંસી’ વાર્તા ઝવેરચંદ મેઘાણી પાસેથી પ્રાપ્ત થાય છે. ‘ફાંસી’ વાર્તામાં અનવરખાન પઠાનને ફાંસીની સજા થવાની હોય છે. અનવરખાનને ફાંસીની સજા થવાની હોવાથી તેની અમ્મા પેશાવરથી મળવા માટે જેલમાં આવે છે. જેલમાં આવ્યા પછી એ અનવરખાનની સાથે વાતચીત કરે છે. અનવરને છેલ્લે સુધી એમ જ હોય છે કે એ નિર્દોષ છે એટલે એ છૂટી જશે. એને કંઈ જ થશે નહિ એવો એને ફાંસીની સજા તો

થાય જ છે અને એ મૃત્યુ પામે છે. અનવર મૃત્યુ પામ્યા પછી એની માતા પોતાનું જીવન હતાશા અને દુઃખમાં વિતાવે છે.

'અભરામ પંડ્યો' ગુણવંતરાય આચાર્યની ટૂંકીવાર્તા છે. ગુજરાતમાં જ્યારે મરાઠાઓની સત્તા હતી એ સમયના સંદર્ભમાં આ ટૂંકીવાર્તા છે. કાનોજી ઠાકોર મરાઠાઓ વતી સૌરાષ્ટ્રમાં કર ઊઘરાવવાનું કામ કરતો. કાનાજીથી બધા બહુ ડરતાં હોય છે. પણ જૂનાગઢનો નાગર બ્રાહ્મણ અભરામ પંડ્યો એને ડરાવે છે. અભરામ પંડ્યાના ડરથી કાનોજી સૌરાષ્ટ્રમાંથી કર ઊઘરાવવાનું છોડીને ચાલી જાય છે. વાર્તામાં કાનાજીને ડરાવવામાં તેમની સાથે અભરામ પંડ્યો હિંસાત્મક વલણ અપનાવે છે.

'ગોરીંભો મકરાણી' વાર્તા ગુણવંતરાય આચાર્યની છે. આ વાર્તામાં વઢવાણના ઠાકોર ચંદ્રસિંહજી ગામના લુહાણાઓને મોરશીયા ગામના ચુડાસમાઓ મારે છે. ચંદ્રસિંહજી એનો બદલો છ મહિના પછી લે છે અને આખું મોરશીયા ગામ સળગાવી મૂકે છે. ચંદ્રસિંહજી આ લડાઈ કરીને પાછો વઢવાણ જવા નીકળે છે તો વચ્ચે તેમને ભાદર નદીને કિનારે મરાઠાઓ (ભગવંતરાય) એને હરાવવા માટે ઊભા રહે છે. તોપનો માળો મરાઠાઓ કરે છે અને ઝાલાઓમાંથી અને ચંદ્રસિંહજીના મકરાણીઓ મોટા પ્રમાણમાં મૃત્યુ પામે છે. ગોરીંભો મકરાણી આ જંગ ખેલવા ઊતરે છે અને મરાઠાઓ સામે હાકલ કરી નીકળી પડે છે. મરાઠાઓ ત્યાંથી ભાગે છે. ગોરીંઓભો મકરાણીને લીધે ચંદ્રસિંહજી આ જંગ જીતી જાય છે. ચંદ્રસિંહજી ગોરીંઓભો મકરાણીને ગામમના ગામ આપવાની વાત કરે છે ત્યારે એ કહે છે કે મારે ગામ નથી જોતા પણ તમે મોરાશીયા ગામ ફરીથી વસાવી દો.

મકરાણી ફરીથી ગામ વસાવી દેવાની વાત કરે છે એમાં એનો અહિંસા તરફનો ગમો વાર્તામાં દેખાય આવે છે.

'ગળે ફાંસો' વાર્તાના લેખક ઈશ્વર પેટલીકર છે. વાર્તાની શરૂઆત વિઠ્ઠલ બાપનું ગળું દબાવી ખૂન કર્યું છે. ત્યાંથી વાર્તાની શરૂઆત થાય છે. વિઠ્ઠલ એક નાલાયક પુત્ર હોય છે. તેના લગ્ન કાન્તા નામની સ્ત્રી સાથે થયા હોય છે. વિઠ્ઠલ ઘણું બધું દેવું કરે છે. દેવાના પૈસા એનો બાપ ભરતો પણ હવે હદથી વધારે થવા લાગ્યું હોવાથી તેના બાપાએ હવે દેવું નહિ ભરે એવી વાત એ કરી દીધી છે. બંને વચ્ચે ઝઘડો ઉગ્ર સ્વરૂપ

ધારણ કરી લે છે. કાન્તા બહુ જ સમજુ હોય છે. તે એના સસરાને કહે છે કે "બાપ થઈને તમે છોકરાને એની નાલાયકી બદલ કાઢી મૂકો એમાં તમને કોઈ ખરાબ ન કહે, પરંતુ વહુ થઈને હું તમારા પક્ષે રહું અને જુદા રાંધી ખાય એમાં મારી નાલેશી જ કહેવાય. ધણી ગમે તેવો હોય પણ એને જાકારો દેવાનો સ્ત્રીનો ધર્મ નથી."

કાન્તા ઘણીવાર સસરાને સમજાવતી કે તમે મારે લીધે દુઃખી ના થાઓ. એક દિવસ રાત્રે વિઠ્ઠલ તેના બાપનું ગળું દબાવી ખૂન કરી નાખે છે અને કાન્તાને વાત કરીને કહે છે કે "તેં મારી બાજી બગાડી છે. હવે હું કહું તે જ તારે કહેવું પડશે...... હવે ઊગરવાનો એક જ રસ્તો છે. જો ગળફો ભરાયો અને મરી ગયા એમ કહેવાથી પતી જશે તો વાંધો નથી. પરંતુ લાશ ચૂંથવાનો વખત આવ્યો, અને ખૂન થયું છે એમ કબૂલવું પડે તો કહીશ કે બાપ થઈને પુત્રવધુ ઉપર નજર બગાડી તેથી ખિજાઈને મેં ખૂન કર્યું છે !" કાન્તાને તેના પિતા પણ આ જ રસ્તો બતાવે છે. છેવટે કાન્તા સ્વીકારી લે છે અને કોર્ટમાં આવી જુબાની આપી છે. વિઠ્ઠલને છ મહિનાની જેલ થાય છે. જેલમાંથી છૂટ્યા પછી એ રોજ તેની પત્ની કાન્તા સાથે મારઝુંડ ચાલું જ રાખે છે. છેવટે કાન્તા પણ આ બધાથી કંટાળીને જીવનનો અંત આણે છે.

આ વાર્તામાં હિંસા અને સ્ત્રી વાત કેન્દ્રસ્થાને રહેલી જોવા મળે છે.

'ધાડ આવે છે !' વાર્તા પણ ઈશ્વર પેટલીકરની જ છે. વીરચંદ શેઠને ત્યાં ધાડ પાડવાની વાત લોકો સાંભળે છે. આશ્રમવાસીઓ આ વાત સાંભળે છે. માલતીબહેન બધાને સમજાવે છે કે "કોઈના ભૂંડામાં રાજી ન થવાય." વીરચંદ શેઠ ગામમાં આશ્રમનો વિરોધ કરતો હોય છે. આશ્રમમાં ઢેડ-ભંગીને રાખવામાં આવતાં વીરચંદ શેઠને આનો વિરોધ હતો. કુલજી અને શંકર ધાડ પાડવા આવાના હોય છે.

માલતીબહેન હિંસા વિના નૈતિક બળથી ધાડ પાડુઓની સામે લડવાનું નક્કી કરે છે. માલતીબહેને બાપુના આશીર્વાદથી પોતે બ્રાહ્મણની દીકરી હોવા છતાં હરિજન શરદભાઈ સાથે લગ્ન કરેલા હોય છે. એટલે એમનામાં ગાંધી વિચારની અસર હોવાથી જો કોઈ કાર્ય ખોટું થતું હોય તો એ બંધ મોંએ સહન કરી લે એવા ન હતા. આશ્રમની છોકરીઓ, ગણેશ અને માલતીબહેન ધાડ પાડુઓને ગામમાં નિષ્ફળ બનાવવા માટે રસ્તામાં જ બેસી જાય છે. કુલજી કહે છે કે જીવવું હોય તો રસ્તા વચ્ચેથી ખસી જાઓ.

માલતીબહેન ખસવાની ના પાડે છે ત્યારે શંકર કહે છે કે, "અમે કંઈ ગાંઓધી મા'ત્માના ભગત નથી કે વિચાર કરીશું. ઘોડા જોતજોતામાં ઉપર ફરી વળશે. અને માથું નાળિયેરની જેમ ફાટી જશે !"

એટલામાં શરદભાઈ ત્યાં આવી જાય છે. છેવટે આ મોરચાં સામે હારી જઈ કુલજી બારવટિયો કહે છે કે, "તમારા જેવા ભલા માણસોને દુઃખવીને અમે ગામ ભાંગીએ એમાં ભગવાન અમારું ભલું ન કરે." અને લૂંટારુઓ ત્યાંથી જતા રહે છે. માલતીબહેન આશ્રમની બહેનોને કોઈથી પણ ડરવું નહિ એવી સલાહ આપે છે. વાર્તા અહીં પૂરી થાય છે.

આ વાર્તામાં એક સ્ત્રી અહિંસક લડતથી ધાડ પાડુઓને પાછા મોકલે છે. એ ગાંધી વિચારની તાકાત બતાવે છે.

'પ્રલયબૉમ્બ' નામક વાર્તા નવલભાઈ શાહે હિરોશીમા ઘટના પર લખેલી છે. હિરોશીમા પર નાખવામાં આવેલા પરમાણુ બૉમ્બની ખતરનાક અસરની આ ઘટના છે. એમાં એક માણસ જીવે છે. એ માણસ ગાંડાની માફક એકલો દોડ્યા કરે છે. બીજી બાજુ એટમબૉમ્બનો શોધક ડૉ. ચાર્લ્સ નિકોલસ ગુમ થઈ જાય છે. ચાર્લ્સ નિકોલસને સરકાર ખૂબ જ સમજાવે છે. ત્યારે જ એ એની શોધ આપવા તૈયાર થાય છે. ડૉ. ચાર્લ્સની પત્ની મેરી તેને શોધવા માટે ખૂબ જ આતુર હતી. પ્રલયબૉમ્બ અથવા પરમાણુ બૉમ્બથી માનવતા શરીર પર ખૂબ જ ભયાનક અસરો કરતી હોય છે. તેનો અહેસાસ હિરોશીમા કરાવી દે છે. મૅરી અને મિ. સિડની હિરોશીમાની મુલાકાતે જાય છે.

જે ગાંડો માણસ વાર્તામાં આવે છે એ જ ડૉ. ચાર્લ્સ નિકોલસ હોય છે. વાર્તાના અંતે તે મૃત્યુ પામે છે.

'પાથેય' વાર્તાના લેખક નવલભાઈ શાહ છે. 'અહિંસા પરમો ધર્મ' એવું કહેનાર બૌદ્ધ ધર્મ ભારત, તિબેટ, ચીન, જાપાન વગેરે દેશોમાં છે. તિબેટમાં બૌદ્ધ ધર્મ પર સંકટના વાદળો ઘેરાય છે. આ સંકટમાંથી મુક્ત થવા માટે તિબેટથી બૌદ્ધ સાધુઓ તક્ષશિલાના વૃદ્ધ જ્ઞાની પુરુષને હિમગિરિ ઓળંગીને લેવા માટે આવે છે. આ જ્ઞાની પુરુષ તિબેટ જવા તૈયાર થાય છે. રસ્તામાં ખોરાક અને કુદરત સામે લડતાં-લડતાં 18 બૌદ્ધ યુવાનો મૃત્યુ પામે છે. વૃદ્ધ જ્ઞાની અને બીજા ત્રણ સાધુઓ સંઘર્ષ કરી તિબેટ પહોંચવામાં

સફળ થાય છે. તિબેટના લોકોને આ સંતની ખબર પડતાં ટોળે-ટોળા આ જ્ઞાનની સરવાણી સુનવા આવે છે. બૌદ્ધ ધર્મનો બચાવ થાય છે. વૃદ્ધ જ્ઞાની પુરુષ સાત વર્ષ જીવી મૃત્યુ પામે છે.

આ વાર્તા અહિંસા પરમો ધર્મ બૌદ્ધ ધર્મનો ઉદ્દેશ્ય હતો તેની વાત આપણને જોવા મળે છે. ગાંધીજી અહિંસાને સત્યાગ્રહનું એક સાધન તરીકે સ્વીકારતા જેનો સૂર આ વાર્તામાં જોવા મળે છે.

'આરસની ભીંતર' વાર્તા ચુનીલાલ મડિયાની છે. આ વાર્તા માનવમનની ગૂંચને અભિવ્યક્તિ આપતી વાર્તા છે. પ્રેમી અવનીશ સાથે સિનેમા જોવા જવા નીકળતાં પહેલાં પોતાના કક્ષમાં આરસી સામે તૈયાર થઈ રહેલી વિશાખાની ભીંતરમાં સળવળી ઊઠતા અતીતના પ્રસંગનું આલેખન અહીં મડિયાએ ભારે કુશળતાથી કર્યું છે. ઈ.સ. 1942ની 'હિંદ છોડો'ની લડતમાં અચાનક રીતે બૉમ્બ ફૂટવાથી માર્યો ગયેલો એનો પ્રથમ પ્રેમી જયવંત આરસીની ભીતરમાંથી જાણે કે વિશાખાને પ્રશ્ન કરે છે કે કોની ભૂલથી બૉમ્બ ફૂટ્યો હતો ને હું મરાયો હતો ?

હિંસાથી માનવ પર કેવી ઊંડી ને વિચિત્ર અસર પડે છે એ આ વાર્તામાં જોવા મળે છે. ચુનીલાલ મડિયાએ આ વાર્તામાં 'હિંદ છોડો' આંદોલન વખતે થયેલ હિંસામાં માણસ પર કેવી ખરાબ અસર પડી તેના એક પ્રસંગને લઈને આ વાર્તાનું સર્જન કરવામાં આવેલું જોવા મળે છે.

સંદર્ભસૂચિ;

[1] 'શ્રી મોહનલાલ મહેતા સોપાન'ની વાર્તાઓ, અહિંસાનું રહસ્ય, આ.2009, સં.બળવંત જાની

[2] ગુલાબદાસ બ્રોકરની સમગ્ર નવલિકાઓ ભાગ-2, આગલી રાત્રે, આ.1986 - ગુલાબદાસ બ્રોકર

[3] ગામડું બોલે છે, જીવદયા, આ.1945 – ચુનીલાલ મડિયા

[4] ચિનગારી; ગળે ફાંસો; આ.1950 - ઈશ્વર પેટલીકર

[5] ચિનગારી; ધાડ આવે છે; આ.1950 - ઈશ્વર પેટલીકર